# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

**ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,**
**સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.**

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૬/ ૭
તા.૧૮ –૭ –૨૦૧૬

**<u>વિવાદી :–</u>**
શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ,

**<u>વિરુધ્ધ</u>**

**<u>સામાવાળા :–</u>**

સેકશન ઓફિસર અને જા.મા.અ. અને આસી.સેક્રેટરી(મહેકમ/તદર્થ સમિતિ),
સેક્રેટરી ઓફિસ, સુરત

**<u>વિષય:</u>** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની તા.૧૦–૨–૨૦૧૬ અરજી આઈ.ડી.૬૧૨ બાબત.

**<u>સંદર્ભ:</u>** વિવાદીશ્રીની અરજી તા.૧૫–૩–૨૦૧૬ ની પ્રથમ અપીલ અરજી.

## <u>વંચાણમાં લીધું:</u>

૧. અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની તા.૧૦–૨–૨૦૧૬ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા કરવામાં આવેલ અરજી આઈ.ડી.નં.૬૧૨. (નમુનો–ક)

૨. જા.મા.અ. અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીનો તા.૧૧–૨–૧૬ નો પત્ર નં.સી./આર.ટી. આઈ./૬૧૨ (નમુનો–ઘ)

૩. જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ/તદર્થ સમિતિ.)નો તા.૨૮–૩–૧૬ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/મહેકમ/તદર્થ/આઉટ/૩૫ (નમૂનો–ગ)

૪. જા.મા.અ. અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીનો તા.૧૪–૬–૨૦૧૬ નો પત્ર નં.સી./એફ. એ.પી./૪૪ તા.૧૪–૬–૧૬ (નમુનો–ઘ)

૫. અપીલ અધિકારી અને ઈ.ચા.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૪–૫–૨૦૧૬ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૬/૫, તા.૨૮–૬–૨૦૧૬ ના રોજ રૂબરૂ હાજર રહેવા બાબત.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના સુરત તરફથી માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતિનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળતા.૧૦–૨–૨૦૧૬ ના રોજ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરેલ હતી જે આઈ.ડી.નં.૬૧૨ થી નોંધાયેલ હતી. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક ધ્વારા તેઓના પત્ર નં.સી./આર.ટી.આઈ/૬૧૨ તા.૧૦–૨–૧૬ (નમુનો–ઘ) થી આસી.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારીશ્રી સહિત સુરત મહાનગરપાલિકના કુલ–૭૪ જાહેર માહિતી અધિકારીશ્રીઓને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેની ઓફિસને તા.૧૮–૨–૧૬ ના રોજ મળેલ હતી જે સેક્રેટરી ઓફિસના દફતરી રેકર્ડ પર ઈન.નં./ સેક્રેટરી/ મહેકમ–તદર્થ/ઈન/૩૧ થી નોંધાયેલ હતી.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, (મહેકમ–તદર્થ સમિતિ) સેક્રેટરી ઓફિસ ધ્વારા તેમના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/મહેકમ/તદર્થ/આઉટ/૩૫, તા.૨૮–૩–૧૬ થી વિવાદી/અરજદારશ્રીને તેમની તા.૧૦–૨–૧૬ની અરજી(નમુના–ક) થી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ ને લગતી સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડ આધારીત સેક્રેટરી ઓફિસને લગતી માહિતી પુરી પાડવામાં આવેલ.

વિવાદી/અરજદારશ્રી ધ્વારા તા.૧૪–૬–૧૬ ના રોજ પ્રથમ અપીલ, અપીલ અધિકારી અને કમિશ્નરશ્રી, અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર( મધ્યસ્થ વિભાગ) તથા મહાનગરપાલિકાના કુલ–૭૨ જાહેર માહિતી અધિકારીશ્રીના અપીલ અધિકારીશ્રીઓ સહિત નારાજ થઈ અરજી કરેલ છે જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી.એફ.એ.પી/૪૪ તા.૧૪–૬–૧૬ થી અત્રેની કચેરીને તા.૨૦–૬–૧૬ ના રોજ સાંજે ૫–૩૦ કલાકે મળેલ છે.

પ્રથમ અપીલ અધિકારી અને ઈ.ચા. સક્રેટરીશ્રીએ તા.૨૮–૬–૨૦૧૬ ના પત્ર નં.આર.ટી. આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૬/૫ થી વિવાદીશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ અને સામાવાળા તરીકે જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ–તદર્થ સમિતિ) સેક્રેટરી ઓફિસને વિવાદીશ્રીની તા.૧૦–૨–૧૬ની અરજી(નમુના–ક) માહિતી માંગતી અરજી (આઈ. ડી. ૬૧૨)ના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા અને તા.૧–૭–૨૦૧૬ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે રૂબરૂ હાજર રહેવા જણાવેલ.

જે અન્વયે વિવાદી/અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રી, અપીલ અધિકારીશ્રી અને ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રી હાજર રહેલ અને વિવાદી/અરજદારશ્રીની રજુઆતો, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ–તદર્થ સમિતિ) ધ્વારા થયેલ રજુઆતો સાંભળેલ અને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મેહકમ–તદર્થ સમિતિ) ધ્વારા વિવાદી/અરજદારશ્રીની નમુના–ક તા.૧૦–૨–૨૦૧૬ની માહિતી માંગતી અરજીના મુદ્દા નં.૨ અંગે શરતચુકથી આપી શકેલ નહી જે બાબતે અત્રેની કચેરીના પત્ર નં.આર.ટી.આઈ./અપીલ/ સેક્રેટરી/આઉટ/૨૦૧૬/૬ તા.૪–૭–૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ–તદર્થ સમિતિ)ને અરજદારશ્રીની અરજીના મુદ્દા નં.૧ અંગે અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવા આથી જણાવવામાં આવેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ–તદર્થ સમિતિ) ધ્વારા તેઓના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/ મહેકમ/તદર્થ/આઉટ/૧૦ તા.૦૮–૦૭–૧૬ થી અરજદારશ્રીને તેમની તા.૧૦–૨–૨૦૧૬ની અરજીના મુદ્દા નં.૨ થી માંગેલ માહિતી પુરી પાડવામાં આવેલ અને જાણ અત્રની કચેરીને પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/ મહેકમ/તદર્થ/આઉટ/૯ તા.૦૮–૦૭–૧૬ થી કરવામાં આવેલ છે.

## હુકમ

અરજદારશ્રીની તા.૧૦–૨–૧૬ની મૂળ અરજી (આઈ.ડી.૬૧૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી./આર.ટી.આઈ/૬૧૨ તા.૧૦–૨–૧૬ તથા તેમની તા.૧૪–૬–૧૬ની પ્રથમ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી./એફ.એ.પી./૪૪ તા.૧૪–૬–૧૬ થી આંશિક માહિતી માટે જા.મા.અ. અને સેકશન ઓફિસર (મહેકમ–તદર્થ સમિતિ)ને તબદીલ કરેલ જે પૈકી મુદ્દા નં.૨ ને લગતી માહિતી અંગે તેઓના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/મહેકમ/તદર્થ/આઉટ/૩૫, તા.૨૮–૩–૧૬ ના રોજ આપવામાં આવેલ તથા અરજદારશ્રીની અરજીના મુદ્દા નં.૨ તેઓશ્રીની પ્રથમ અપીલ અરજી સંદર્ભે તા.૧–૭–૧૬ ના રોજ અત્રેની કચેરી ધ્વારા યોજાયેલ સુનાવણી દરમ્યાન તમામ પક્ષકારોની રજુઆતો ધ્યાને લેતા અરજદારશ્રીના અરજીના મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ–તદર્થ સમિતિ) ધ્વારા તેમના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/મહેકમ/તદર્થ/આઉટ/૧૦ તા.૮–૭–૧૬ થી પાઠવવામાં આવેલ પ્રત્યુતરો યથાયોગ્ય રાખવામાં આવે છે.

તેમ છતાં અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(અશોક એન. પટેલ)**
**અપીલ અધિકારી અને ઈ.ચા.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

**નકલ રવાના :–**

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી,મહેકમ–તદર્થ સમિતિ પ્રતિ.... જાણ માટે.

ન.ર. :– અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ પ્રતિ.....જાણ સારૂ.